# સાબરકાંઠામાં સાત કેન્દ્રો પર ટેકાના ભાવથી મગફળીની ખરીદી શરૂ

## પુરવઠા નિગમ પાસે ૬ લાખથી વધુ બારદાન ઉપલબ્ધ : જિલ્લાના અંદાજે ૨૩૧૨૪ ખેડૂતોએ મગફળી વેચવા રજીસ્ટ્રેશન કરાવ્યું

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં મગફળી પકવતા ખેડૂતોને વ્યાજબી અને પોષણક્ષમ ભાવ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે સાત કેન્દ્રો મંજુર કર્યા છે અને દિવાળી અગાઉ આ ખરીદ કેન્દ્રો પર મગફળી વેચવા માટે જિલ્લાના અંદાજે ૨૩૧૨૪ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. ત્યારબાદ લાભ પાંચમથી જિલ્લાના સાત ખરીદ કેન્દ્રો પર મગફળીની ખરીદી શરૂ કરાઈ હતી. પ્રથમ દિવસે હિંમતનગર માર્કેટયાર્ડમાં મેસેજ કરી બોલાવાયેલા ૨૦ ખેડૂતો પૈકી ફક્ત ચાર ખેડૂતો મગફળી વેચવા આવ્યા હતા. અન્ય ખરીદ કેન્દ્રો પર ખેડૂતોએ મગફળી વેચવામાં નિરસતા દાખવી હોવાનું જણાયું છે.

આ અંગે જિલ્લા પુરવઠા નિગમના સુત્રોમાંથી જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે અંદાજે ૨૩૧૨૪ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા માટે દિવાળી અગાઉ સત્તાવાર વેબસાઈટ પર નોંધણી કરાવી હતી. ત્યારબાદ સરકારે કરેલી જાહેરાત મુજબ શુક્રવારને લાભપાંચમના દિવસથી જિલ્લાના નક્કી કરાયેલા સાત ખરીદ કેન્દ્રો પર ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે પુરવઠા નિગમના આઠ કર્મચારીઓને ફરજ પર તહેનાત કરી દેવાયા છે.

દરમ્યાન હિંમતનગર માર્કેટયાર્ડમાં પ્રથમ દિવસે ૨૦ ખેડૂતોને મેસેજ કરીને બોલાવાયા હતા પરંતુ તે પૈકી ફક્ત ચાર ખેડૂતો મગફળી વેચવા માટે આવ્યા હતા. જેથી તેમની પાસેથી પુરવઠા નિગમના કર્મચારીઓએ અંદાજે ૨૦૦ બોરીથી વધુની મગફળી પ્રતિ ૨૦ કિલોના રૂ. ૧૦૧૮ના ભાવે ખરીદી હતી. જોકે હિંમતનગર સિવાયના પ્રાંતિજ, તલોદ, સલાલ, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં પ્રથમ દિવસે ટેકાના ભાવે મગફળી વેચવા માટે ખેડૂતો દેખાયા ન હોવાનું આધારભુત સુત્રોમાંથી જણાવાયું છે.

ગત વર્ષની જેમ મગફળી ભરવાના બારદાનની તંગી ન ઉભી થાય તે આશયથી પુરવઠા નિગમ દ્વારા જિલ્લામાં અંદાજે ૬ લાખ બારદાન અગાઉથી જ મંગાવીને સ્ટોક કરી દેવાયો છે. આ બારદાનનો ઉપયોગ મગફળી ભરવા માટે કરાશે. અને જે ખરીદ કેન્દ્ર પરથી માંગણી આવશે તેમને મોકલી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ટેકાના ભાવે મગફળી ખરીદવાના કેન્દ્રો પર સરકારે પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂ. ૨૦૧૮ મુકરર કર્યો છે.

# શામળાજી પોલીસે દિવાળી વેકેશનની સુસ્તી ખંખેરી

## ગલપુર બુટલેગરના ઘર આગળ ઉભેલી બોલેરો અને સ્કોર્પિઓમાંથી ૬૭ હજારનો દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૨

અરવલ્લી જીલ્લો રાજસ્થાન રાજ્યની સરહદને અડીને આવેલો હોવાથી સરહદ પર આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક શખ્શો રાજસ્થાનમાંથી એનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડી દારૂના પીઠા ચલાવી રહ્યા હોવાની સાથે મોટા પ્રમાણમાં દારૂના કટિંગનો ધંધો પણ બુટલેગરો ચલાવી રહ્યા છે શામળાજી પોલીસે જાણે દિવાળી વેકેશનની સુસ્તી ખંખેરી હોય તેમ ભિલોડા તાલુકાના ગલપુર ગામના બુટલેગરના ઘર આગળ ઉભેલી બોલેરો જીપ,સ્કોર્પિઓ ગાડી અને ઘરમાંથી વિદેશી દારૂ રૂ.૬૭૧૫૦/-નો જથ્થા સાથે કૌશિક સુરજીભાઈ ડામોર નામના બુટલેગરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે ભિલોડા તાલુકાના ગલપુર ગામે રહેતા અને વિદેશી દારૂનો વેપલો કરનાર કૌશિક સુરજીભાઈ ડામોરના ઘરે ઓચિંતી રેડ કરી તેના રહેણાંક મકાન અને ઘર આગળ પાર્ક કરેલી બોલેરો જીપ (ગાડી.નં- GJ-8-F-2018 ) અને સ્કોર્પિઓ (ગાડી.નં- GJ-2-CA-9893) માંથી વિદેશી દારૂ/બિયર ટીન- ૩૬૨ કીં.રૂ.૬૭૧૫૦/- નો જથ્થો જપ્ત કરી કૌશિક સુરજીભાઈ ડામોર નામના બુટલેગરને ઝડપી પાડી બોલેરો જીપ,સ્કોર્પિઓ ગાડી અને મોબાઈલ નંગ-૧ મળી કુલ રૂ.૭૬૭૬૫૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



# ભિલોડાના મઉ ગામે 'દિકરી વધામણાં અને ગૃહલક્ષ્મી સન્માન' કાર્યક્રમ યોજાયો



ભિલોડા, તા. ૨

નૂતન વર્ષાભિનંદનથી છઠ સુધી મઉ બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા 'ન ભૂતો ન ભવિષ્યતી' 'દિકરી વધામણાં અને ગૃહલક્ષ્મી સન્માન'નો કાર્યક્રમ પરમ પૂજ્ય સત શ્યામસુંદરદાસજી બાપુના આશીર્વાદથી પ્રારંભ કરાયો હતો. જેમાં સમગ્ર મઉ ગામની તેમજ બહારગામ પરણાવેલી એક દિવસથી ૧૦૦ વર્ષ સુધીની ઉંમર ની ૨૮૦ જેટલી દીકરીઓ તથા ૨૭૦ જેટલી મઉ ગામની ગૃહલક્ષ્મી મળી ૫૫૦ ને ચાંદી નો જુજારો બાવજી ની મૂર્તિવાળો સિક્કો આપી સન્માન કરાયું હતું. જેમાં લાભ પાંચમ ના દિવસે કુળદેવતા અને પૂર્વજ દેવ એવા 'જુજારો બાવજી'ની પ્રથમ પૂજા ભારતીબેન પ્રવીણભાઈ બારોટ પરિવારે કરી હતી.

ત્યારબાદ ૧૦ વર્ષ થી નાની વયની કન્યાઓને કુમકુમ તિલક કરી સમાજવાડીમાં પ્રથમ પ્રવેશ કરાવી સમાજવાડીનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતું. તથા સમાજવાડીમાં 'દેવી યજ્ઞ' કરવામાં આવ્યો હતો.જેમાં મુખ્ય દાતા માતૃશ્રી હેમંતબા જેઠાલાલ બારોટ પરિવાર, માતુશ્રી હીરાબા કિશોરલાલ બારોટ પરિવાર,ચંદ્રકાંતભાઈ પુરષોતમદાસ બારોટ પરિવાર તથા દીકરીઓના ઉતારા ના દાતા પ્રવીણભાઈ દલપતભાઈ બરોટ તથા મંડપના દાતા નીતિનભાઈ રણછોડભાઈ રાવ પરિવારે યોગદાન આપ્યું હતું. કાર્યક્રમને યુવા શક્તિ અને મઉ બ્રહભટ્ટ સમાજના અગ્રણીઓ એ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગરમાં સ્ટેટ મોનીટરીંગ સેલનો સપાટો

## ૨ લાખથી વધુના દારૂ સાથે બે શખ્સ પકડાયા : આઠ વિરૂદ્ધ કાર્યવાહી : સ્ટેટ મોનીટરીંગ સેલે ૬.૭૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લીધો

હિંમતનગર, તા. ૨

ગુજરાતના સરહદી જિલ્લા તરીકે ઓળખાતા સાબરકાંઠા જિલ્લાને દારૂની હેરાફેરી માટે સલામત માનવામાં આવી રહ્યો છે. ત્યારે દિવાળીના દિવસે વહેલી પરોઢે સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓએ સ્થાનિક પોલીસતંત્રને ઉંઘતી ઝડપી લઈને નદી કિનારે આવેલા હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાંથી અંદાજે રૂ. ૨ લાખથી વધુના વિદેશી દારૂના જથ્થા સાથે બે જણાને ઝડપી લીધા હતા. તહેવારના દિવસે સ્ટેટ મોનીટરીંગ સેલે હિંમતનગરમાં બોલાવેલી ધડબડાટીને લીધે બુટલેગરોમાં હડકંપ મચી જવા પામી હતી. જોકે પોલીસે આઠ જણા વિરૂદ્ધ કાર્યવાહીથી પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ દિવાળીના દિવસે એટલે કે રવિવારે વહેલી પરોઢે સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને મળેલી બાતમી બાદ તેઓ હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં ટીમ સાથે ત્રાટક્યા હતા. દરમિયાન આ સમયે ભાટવાસ પાસે ખાનગી વાહનોમાં લવાયેલા પાસપરમીટ વિનાના દારૂ અને બિયરના જથ્થાની હેરાફેરી તથા વેચાણ થઈ રહ્યુ હતુ. જોકે દારૂની હેરાફેરી કરતા બુટલેગરોને સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓની હાજરીને કારણે તેઓના પગ થંભી ગયા હતા.

તો બીજી તરફ અધિકારીઓએ દરોડો પાડીને અંદાજે રૂ. ૨.૦૭ લાખનો વિદેશી દારૂ તથા બિયરના જથ્થા સાથે હિરેન લહેરાજી ભાટ અને ભાટવાસમાં રહેતા અર્જુન ચાંપાજી મારવાડીની અટકાયત કરી લીધી હતી ઉપરાંત સ્ટેટ મોનીટરીંગ સેલે ભોલેશ્વર વિસ્તારમાંથી દારૂની હેરાફેરીમાં વપરાતી ગાડી નં. જીજે.૦૨.એપી.૪૮૮૯, મારૂતી ઈકો નં. જીજે.૦૯.બીઈ.૫૦૩૩, મારૂતી વાન નં. જીજે.૦૧.કેબી.૯૬૮૧માં રખાયેલ વિદેશી દારૂની બોટલો સાથે કબ્જે લીધી હતી. જોકે સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને જોઈને ચાર બુટલેગરો સ્થળ પરથી ભાગી ગયા હતા સાથો સાથ ચાર વાહન માલિકો વિરૂદ્ધ સ્ટેટ મોનીટરીંગ સેલના હે.કો. નરેન્દ્રસિંહ અનોપસિંહે દિવાળીના દિવસે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુનો નોંધાવ્યો હતો તથા પોલીસે વિદેશી દારૂ તથા વાહનો મળી અંદાજે રૂ. ૬.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

# ડીસા ડીસામાં બંગાળી પરિવાર દ્વારા મહાકાળી માની વિધિવત રીતે પૂજાઅર્ચના કરી...!



ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના વેપારીમથક ડીસા શહેરમાં શ્રદ્ધા અને સુમન સાથે અનેક ધર્મ પ્રેમી જનતા વસવાટ કરી રહી છે ત્યારે ડીસા શહેરમાં પણ બંગાળી મિત્રો દ્વારા વર્ષોથી વિધિવત રીતે ડીસા શહેરના મુખ્ય વિસ્તાર એવા ગાંધી ચોક માં મહાકાળી માની પૂજા અર્ચના ખૂબ જ ધામધૂમ પૂર્વક કરવામાં આવી હતી નવું વર્ષ શરૂ થતાની સાથે જ થોડા દિવસ અગાઉ જ બંગાળી ભાઈઓ દ્વારા ડીસા શહેરના ગાંધી ચોક વિસ્તારમાં એક વિશાળ મંડપ નું આયોજન કરી તેમાં મા મહાકાળીમાની પૂજા અર્ચના કરી કાળી ચૌદસના દિવસે સમગ્ર બંગાળી સમાજ દ્વારા ત્યાં પવન અને વિધિનું પણ સુંદર આયોજન થાય છે ત્યારબાદ લાભપાંચમના દિવસે બંગાળી ભાઈઓ દ્વારા વાજતે ગાજતે અને ડીજે ના સાઉન્ડ એ મહાકાળી માની પૂજા અર્ચના કરી વિશાળ સંખ્યામાં રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને બંગાળી ભાઈ-બહેનો દ્વારા ડીજે ના સાઉન્ડ નાચી ઉત્સવ મનાવ્યો હતો સમગ્ર બંગાળી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને આયોજન સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

# કમોસમી માવઠા / મધ્યમથી ભારે વરસાદની આગાહીને અનુલક્ષી ખેડૂતમિત્રોએ સાવધાની રાખવા જોગ

પાલનપુર, તા. ૨

ખેતી નિયામકશ્રી ગુજરાત રાજ્ય કૃષિભવન ગાંધીનગર દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે કે, હવામાન ખાતાની આગાહીને અનુલક્ષી આગામી તા.૬/૧૧/૨૦૧૯ની આસપાસ મહા નામના વાવાઝોડાના કારણે મહદઅંશે સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે કમોસમી માવઠા/મધ્યમથી ભારે વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે મોટાભાગે ખેડૂતો પાક અને જાનમાલના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે ,તેમ છતા, તકેદારીના ભાગરૂપે નીચે મુજબના પગલા લેવા સબંધિત ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે. શક્ય હોય ત્યા ખરીફ સીઝનના લાંબા ગાળાના ઉભા પાકમાં પિયત આપવાનુ ટાળવુ જેથી વધારે ભેજવાળા હવામાનને ટાળી શકાય અને સંભવિત રોગ/જીવાતનો ઉપદ્રવ અટકાવી શકાય. તેમજ જંતુનાશક દવા / ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો. ભારે વરસાદના લીધે નીચાણવાળા ઉભા પાકના ખેતરોમાં પાણી ભરાઈ રહેતુ હોય તો ભરાઈ રહેલા પાણીના તાત્કાલિક નિકાલ કરવા આગોતરૂ આયોજન કરવુ. રવિ પાકનુ વાવેતર શક્ય હોયતો મુલત્વી રાખવુ અને વાતાવરણ અનુકુળ થયે રવિ પાકોનુ વાવેતર તુરંત કરવુ.

ખેતરમાં કાપણી કરેલ પાક અથવા ઘાસચારો ખુલ્લા હોયતો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાષ્ટિક /તાડપતરીથી યોગ્ય રીતે ઢાંકી દેવુ અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનુ પાણી ઢગલાની નીચે જતુ અટકાવવુ. કપાસના પાકમાં તૈયાર થયેલ જિંડવા તાત્કાલિક વીણાવી લેવા, મગફળી/ડાંગર જેવા ખરીફ પાકો કાપણી માટે તૈયાર થયેલ હોયતો હાલ પૂરતી કાપણીની કામગીરી મુલત્વી રાખવી. બાગાયતી પાકોને વધુ પવનથી નુકશાન ન થાય તે માટે ફળોની સમયસર વીણી કરીને ટેકો આપવાની વ્યવસ્થા કરવી. વાવાઝોડાના સમય દરમિયાન પાલતુ પશુઓને ખુલ્લામાં વીજળીના થાંભલા કે ઝાડની નીચે ન રાખતા સલામત સ્થળે રાખવા.


આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણઅધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનિશ ખેતી નિયામક(તા.મુ.),જિલ્લા ખેતીવાડી અધિકારી,નાયબ ખેતી નિયામક(વી.) નાયબ ખેતી નિયામક(તાલીમ) અથવા કિશાન કોલ સેન્ટર ટોલ ફ્રીનંબર-૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો.

# ડીસામાં બાળકને ત્રાસ આપી વિડિયો વાયરલ કરનાર પાંચ જેલ હવાલે

## પોલિસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં કોલેજ બાદ બોડાલ ગામે અજગર સળગાવ્યાના વિડીયોના વિવાદ વચ્ચે બાળકની જાતીય સતામણીના વાયરલ થયેલા વિડીયો મુદ્દે હરકતમાં આવેલી પોલિસે પાંચ આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.



સોસીયલ મીડિયામાં સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માટે અનેક યુવાનો ટિકટોક જેવા દુષણ ના રવાડે ચડી ગયા છે પરંતુ અમુક વખત આવું કૃત્ય ગંભીર પરિણામ પણ લાવતું હોય છે ડીસામાં સોસીયલ મીડિયામાં ટિકટોક વિડિયો બનાવી વાઈરલ કરતા યુવાનો ગુનાહિત કૃત્ય આચરી રહ્યા છે જે દુષણને લઈને અનેક વિકૃત ઘટનાઓ સામે આવી રહી છે થોડા સમય અગાઉ ડીસાના બોડાલ ગામે અજગરને જીવતો સળગાવી દેવાનો વિડિયો સોસીયલ મીડિયામાં વાઈરલ થયો હતો તેમજ ડીસા કોલેજ નજીક પણ કેટલાક યુવાનો દ્વારા વિચિત્ર વેશ ધારણ કરી કોલેજની વિદ્યાર્થીનીઓને ડરાવવા મામલે ચારેક યુવાનો વિરુદ્ધ ફરિયાદ થઈ હતી જે ઘટના બાદ ગુરુવારે ડીસામાં ફરી એક વિકૃત અને નિંદનીય ઘટનાનો વીડિયો સોસીયલ મીડિયામાં વાઈરલ થતા હડકમ્પ મચી જવા પામ્યો હતો જેમાં પાંચેક શખ્સો દારૂના નશામાં ધૂત બની એક ૧૩ વર્ષના સગીરને નગ્ન કરી તેને સોટી વડે માર મારી તેને નદીની ગરમ રેતીમાં ગલોટિયા ખવરાવી તેની જાતીય સતામણી કરતો વિડિયો બનાવી સોસીયલ મીડિયામાં વાઈરલ કરી દેતા આ વિડિયોને લઈને સમગ્ર ડીસામાં ચકચાર સાથે આક્રોશ ફેલાયો હતો. આ ઘટનાના પગલે પીડિત સગીર બાળક ના પિતા દિનેશભાઈ સરદારભાઈ મોચીએ ડીસા ઉત્તર પોલીશ મથકમાં ફરિયાદ નોંધાવતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી અને પોલીસે તાત્કાલિક ધોરણે આ સમગ્ર બાબતની તપાસ હાથ ધરી પાંચને ઝડપી પાડી તેમની વિરુદ્ધ ઈ.પી.કો. ૩૬૩,૩૨૩,૨૯૪ અને પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોક્સ પકડાયેલ આરોપી

(૧) ઈમરાન ઉર્ફે ગદાર અનવરભાઈ મિર્ઝા (૨) મોન્ટુ અમરતભાઈ રાઠોડ (૩)મયુર કાંતિલાલ મહેશ્વરી (૪) હિતેશ પુરણભાઈ કહાર (૫) કમલેશ રામચંદભાઈ ઠાકોર તમામ રહે. ડીસા

# હિંમતનગર અને વડાલી માર્કેટયાર્ડમાં વેપારીઓએ કપાસના સોદા કર્યા

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના તમામ માર્કેટયાર્ડો દિવાળીના તહેવારો નિમિત્તે પાંચ દિવસથી બંધ થતા જે લાભ પાંચમને શુક્રવારથી શરૂ થતા જિલ્લાના મોટા ભાગના માર્કેટયાર્ડો ફરીથી ધમધમી ઉઠ્યા છે. લાભુપાંચમના દિવસે હિંમતનગર અને વડાલી માર્કેટયાર્ડમાં વેપારીઓએ લાભ પાંચમનું મુહૂર્ત કરીને ૫૦થી વધુ ખેડૂતો પાસેથી કપાસની હરાજી કરીને ખરીદી કરી હતી. પ્રથમ દિવસે કપાસનો પ્રતિ ૨૦ કિલોનો ભાવ અંદાજે રૂ. ૯૫૦ થી રૂ. ૧૦૪૦ના બોલાયા હતા. આ અંગે વડાલી માર્કેટયાર્ડના ચેરમેન જયંતીભાઈ પટેલના જણાવાયા મુજબ તહેવારોને લઈને વડાલી માર્કેટયાર્ડ સહીત જિલ્લાના અન્ય માર્કેટયાર્ડોના માન્ય વેપારીઓએ પાંચ દિવસ સુધી ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા ત્યારબાદ શુક્રવારે લાભ પાંચમ હોવાને કારણે આ વેપારીઓએ પ્રથમ દિવસે કપાસના સોદા કરીને નવા વર્ષના કામનો પ્રારંભ કર્યો છે. પ્રથમ દિવસે હિંમતનગર માર્કેટયાર્ડોમાં ૨૫ થી વધુ ખેડૂતો કપાસ વેચવા માટે આવ્યા હતા.

તેજ પ્રમાણે વડાલી માર્કેટયાર્ડમાં પણ અગાઉના વર્ષની જેમ ખેડૂતોને સાચુ તોલ અને વ્યાજબી ભાવ મળતા હોવાથી વડાલી માર્કેટયાર્ડ કપાસની ખરીદી ખરવા માટે જાણીતુ હોવાને કારણે ખેડૂતો વડાલી માર્કેટયાર્ડમાં કપાસ વેચવાનું વધુ પસંદ કરે છે. દરમ્યાન લાભ પાંચમના દિવસે હિંમતનગર માર્કેટયાર્ડમાં મગફળીની ૭૩૨૦ ક્વિન્ટલની આવક થઈ હતી. ઘઉંની ૪૯૫ ક્વિન્ટલ આવી હતી. તેજ પ્રમાણે મકાઈની ૨૨૦ ક્વિન્ટલ જ્યારે કપાસની ૫૩ ક્વિન્ટલ આવક થઈ હોવાનું હિંમતનગર માર્કેટયાર્ડના સુત્રોમાંથી જણાવાયું છે.

# પ્રાંતિજના નવાપુરા ખાતે દિવાળીથી લાભ પાંચમ સુધી ગરબા યોજાયા

## વર્ષોથી ચાલી આવતી પરમ પરા આજે પણ અકબંધ : ૨૫ ફુટનો ગરબો બનાવવામાં આવે છે : ક્ષત્રિય બક્ષીપંચનું ગામ છે : પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી હજારોની સંખ્યામાં લોકો દર્શન કરવા આવે છે : માનેલી માનતા પણ પુર્ણ કરે છે







પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નવાપુરા ખાતે છેલ્લા ૧૦૦ વર્ષથી દિવાળીથી લાભ પાંચમ સુધી ગામમાં ગરબા યોજાય છે તો અહી આજુબાજુમાંથી લોકો ગરબાનો લાભ લઈ દર્શન કરી ધન્યતા અનુભવે છે તો અહીં આ ગરબાની ખાસ વિશેષતા છેકે ૨૫ ફુટ થી પણ વધારે મોટો ગરબો બનાવવામાં આવે છે અને ત્રીસથી ચાલીસ જણા આ ગરબા ને ઉંચો કરે છે.

પ્રાંતિજના નવાપુરા ખાતે ૧૦૦ વર્ષ પહેલા મહેસાણા જિલ્લાના ચરાણા ગામે થી અહી તેમણા વરવાઓ આવ્યા હતાં અને અહીં વસવાટ કર્યો હતો અને ત્યાર થી તેવો દિવાળી થી લઈ ને લાભ પાંચમ એમ પાંચ દિવસ સુધી ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતુ તો ગામમાં મા અંબા નું મંદિર આવેલ અને મંદિર માં અંબાજી માતા તથા મહાકાલી માતાજી ની મૂર્તિ઼ઓ છે તો કહેવાય છે કે અહીં માંગેલ માન્તા અવશ્ય પુર્ણ થાય છે અને અહીં લોકો દુર દુર થી આવે છે તો અહીં ગરબા ની ખાસ એ વિશિષ્ટતા છે કે અહીં વર્ષો થી ૨૫ ફુટ ઉપર નો ગરબો તૈયાર કરવામાં આવે છે તો તેને ઉંચકવા માટે ત્રીસ થી ચાલીસ જેટલા લોકો ઉંચકે છે તો ગામમાંથી બહાર નોકરી ધંધા અર્થે બહાર રહેતા ગામમાં લોકો ચાંચ દિવસ માંથી એક દિવસ માટે અચુક અહીં આવે છે તો પાંચ દિવસ માટે નવાપુરા શ્રી શકિત યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવે છે તો આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ, પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, ડેરીના ચેરમેન જયંતિભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટર ગોવિદસિંહ, નગરપાલિકા કોર્પોરેટર જીતેન્દ્રસિંહ, ગામના આગેવાન સોમસિંહ, બાલુસિંહ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં તો મા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો શ્રી શકિત યુવક મંડળ દ્વારા તેમણુ સ્વાગત કરવામાં આવ્યું હતું તો આ ગામમાં બક્ષીપચ સમાજનું ગામ છે અને ૭૦૦ની વસ્તી ધરાવે છે તો પ્રાંતિજ નગરપાલિકામાં સમાવેશ થયો છે તો અહીં દુર દુરથી માઈ ભકતો પાંચ દિવસ માંથી એક દિવસ માટે આવે છે અને માતાજી ના દર્શન કરી ધન્યતા અનુભવે છે.